ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૩૧ ટકા


# શહેરમાં વેલેન્ટાઈન ડે ઉજવાયો

## એકબીજાને રોઝ આપવા ઉપરાંત પાર્ટનર માટે ટેટુ બનાવડાવી, કેક કટ કરવા સાથે અનેક અવનવી રીતે શહેરીજનોએ વેલેન્ટાઈન ડે ઉજવ્યો









ગાંધીનગર, તા.૧૪
આ વર્ષે વેલેન્ટાઈન ડેની ઉજવણી શહેરીજનો દ્વારા ખૂબ જ ઉત્સાહથી કરવામાં આવી. એવું નહિ કે ફકત યુવાનો જ પરંતુ મોટાઓ અને વૃધ્ધોએ પણ આ દિવસને ખૂબ જ ઉત્સાહથી ઉજવ્યો હતો. શહેરના રસ્તાઓ પર આજના દિવસમાં મહત્વનો કલર રેડ કલર. રેડ કલરના કપડા પહેરીને તમામ ફરતા નજરે ચઢયા હતા.

રવિવારના રોજ વેલેન્ટાઈન ડે આવતા કોલેજના વિદ્યાર્થીઓ એકબીજાને મળી શકયા નથી પરંતુ શહેરના લોકલ મિત્રોએ આજે એકબીજાને મળીને આ દિવસ ઉજવ્યો હતો. આ ઉપરાંત આ વર્ષે એકબીજાને ગીફટમાં સૌથી વધુ રોઝ, હોમમેઈડ ચીજવસ્તુઓ, પરફયુમ અને વોચ આપ્યા છે. સાથે હેન્ડરીટર્ન મેસેજ સૌ માટે સ્પેશિયલ બની રહ્યો. આ ઉપરાંત શહેરનો અમુક વર્ગ એવો છે જેને વાંચનનો ખૂબ જ શોખ છે તેઓએ એકબીજાને બુકસ આપી છે અને આ વર્ષે ખાસ ટેટુ આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે.

શહેરના અનેક કપલ દ્વારા એકબીજા માટે ટેટુ કરાવવામાં આવ્યું હતું. જેમાં ખાસ પોતપોતાના પાર્ટનરનું નામ લખાવાયું. મહિલાઓ દ્વારા બર્ડસ કે હાર્ટ ડ્રો કરાવાયા તો અમુકે પોતપોતાના ભવિષ્ય માટે મોટીવેશન આપતી સાઈન હાથમાં કરાવી હતી. આ ઉપરાંત ન્યુલી એન્ગેજડ કપલ દ્વારા પોતપોતાના પરિવારજનો સાથે કેક અને સ્નેકસ ખાઈને આ દિવસ ઉજવાયો હતો.

આમ, તો આ દિવસે ઘણા શહેરીજનો થિએટરની મુલાકાત પણ લેતા હોય છે. પરંતુ આ વર્ષે થિએટર ખૂલ્યા છે સાથે કોરોનાનો ડર હજી ઓછો ન થયો હોવાથી થિએટરની જગ્યાએ શહેરીજનોએ ડ્રાઈવ પર જવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. આ દિવસે અનેક શહેરીજનોએ વૃધ્ધાશ્રમની મુલાકાત લેવાનું સાથે દાન-પુણ્ય કર્યું હોવાનું પણ જણાવ્યું હતું. આજના દિવસને ફકત એકબીજા માટે પ્રેમ વ્યકત કરીને નહિ પરંતુ સારા કાર્યો કરીને પણ શહેરીજનો દ્વારા મનાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત સોશિયલ મિડીયામાં પણ શહેરના મોટાભાગના કપલ દ્વારા એકબીજાના ફોટા મુકીને લાગણી વ્યકત કરતા ફોટા પણ પોસ્ટ કરવામાં આવ્યા હતા.



આરાધના વિદ્યાવિહાર ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં મધર્સ ટીચર્સ ગેટ ટુ ગધર કાર્યક્રમ યોજાયો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષકો તથા શાળાના વિદ્યાર્થીઓની માતા વચ્ચે આત્મીયતા કેળવાય તે હતો આ કાર્યક્રમમાં ગેમ્સ રમ્યા બાદ એકબીજાના અનુભવ વ્યકત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ એસઓપીના નિયમોનું પુરેપુરું પાલન કરી યોજવામાં આવ્યો હતો.

## શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં વર્ચ્યુઅલ માતૃપિતૃ વંદના કાર્યક્રમ ઉજવાયો




ગાંધીનગર, તા.૧૪
એકવીસમી સદીમાં આજની યુવા પેઢીને માતા-પિતાનું મહત્ત્વ અને મૂલ્ય સમજાય, તે ઉદ્દેશ્યથી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં તારીખ ૧૪ ફેબ્રુઆરીએ દર વર્ષે કોલેજમાં માતૃપિતૃ વંદના દિવસની ઉજવણી કરવામાં આવે છે. પરંતુ કોરોનાની મહામારીમાં વિદ્યાર્થીઓને કોલેજમાં બોલાવું શક્ય ન હોવાના કારણે શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં સ્વામીશ્રીના આશીર્વાદથી અને સંસ્થાનાં પ્રિન્સિપલ પ્રોફેસર ધર્મેશ વંડરા અને એકેડેમિક ડાયરેકટર પ્રોફેસર ભાવિક શાહ ના માર્ગદર્શનથી વર્ચ્યુઅલ માતૃપિતૃ વંદનાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના ઘરે માતા-પિતાનું પૂજન કરીને કોલેજમાં વિડીયો મોકલાવ્યો હતો , તેમજ વિદ્યાર્થીઓએ નાટક ડાન્સ જેવી અન્ય પ્રવૃત્તિઓના વિડીયો પણ કોલેજમાં મોકલાવ્યા હતા. જે વીડિયોનું વર્ચ્યુઅલ માધ્યમથી કોલેજની ઓફિસિયલ યુ ટયુબ ચેનલ ઉપર પ્રસારણ કરવામાં આવ્યું હતું જે ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઘરે બેસીને વર્ચ્યુઅળ માધ્યમથી નિહાળ્યું હતું.




ગાંધીનગર સેકટર-૧૬ ખાતે આવેલું જાહેર શૌચાલય છેલ્લા દોઢ માસથી વધુ સમયથી બંધ હાલતમાં હોવાથી સ્થાનિક વેપારીઓ અને નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શૌચાલય કેમ બંધ હાલતમાં છે તેમ પૂછતા સમારકામ ચાલી રહ્યું છે તેમ હાજર વ્યકિત જવાબ આપે છે ત્યારે કામ ક્યારે પૂર્ણ થશે તેની રાહ નાગરિકો જોઈ રહ્યા છે.

# હું જે બોલું છું તે જ કરું છું, જે કરી શકું છું તે જ બોલું છું....!!

## રાજયના અંતરિયાળ વનવાસી વિસ્તારોમાં વર્ષોથી જરૂરિયાતમંદ વૃધ્ધો, વિધવા નિરાધાર મહિલાઓ તથા વિદ્યાર્થીઓને નિયમિત મદદરૂપ થતી સંસ્થા ગજાનન સેવા સમિતિના સેવાભેખ ધારી મિલિન્દ ગુપ્તે : લોકડાઉનમાં પણ અવિરત સેવા પ્રવાહ સાથે અનેક ગામોમાં પાણીના બોર પણ બનાવી ચુકયા છે




ગાંધીનગર, તા.૧૪
દેશભરમાં કોરોના રસીકરણ અભિયાન શરૂ થઈ ગયું છે અને બીજી તરફ કોરોના વાયરસની પક્કડ પણ ઢીલી પડી ગઈ હોવાની સ્થિતિ અનુભવાઈ રહી છે જેના કારણે જનજીવન ફરી રાબેતા મુજબ પાટે ચઢી ગયું છે. જો કે કોરોના સંક્રમણના કપરા કાળ દરમિયાન લાદવામાં આવેલા લોકડાઉનમાં નાગરિકોએ રીતસર ભયના ઓથાર હેઠળ સમય પસાર કરવો પડયો હતો અને મોટાભાગની ગતિવિધીઓ થંભી જવા પામી હતી. આ સંકટકાળ દરમિયાન ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ સાથે અનેક સેવાભાવી સ્વયંસેવકોએ જરૂરિયાતમંદોની ખડે પગે સેવા કરી હતી. જેમાં ગાંધીનગરની સેવાભાવી સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિનો ઉલ્લેખ અચૂક કરવો પડે. સેવા ક્ષેત્રે રાજયનો નામાંકિત ‘ધરતી રત્ન’ એવોર્ડ પ્રાપ્ત કરનાર આ સંસ્થાના સ્થાપક-સંચાલક એવા સેવાના ભેખધારી મિલિન્દભાઈ ગુપ્તેએ લોકડાઉન દરમિયાન પણ તેમની રાજયના દુરસુદૂરના અંતરિયાળ વિસ્તારોમાં ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓનો પ્રવાહ અવિરત વહેતો રાખ્યો હતો જેના કારણે અસંખ્ય વનવાસી નિરાધાર વિધવા મહિલાઓ સહિતના જરૂરિયાતમંદોના ઘરના ચુલા પ્રજવલ્લિત રહ્યા હતા.

શ્રી ગજાનન સેવા સમિતિના નેજા હેઠળ મિલિન્દભાઈએ વર્ષ ૨૦૨૦માં એપ્રિલ માસની ૧૦મી તારીખથી ડિસેમ્બર માસની ૨૫મી તારીખ સુધીમાં ૨૨ જેટલી ટ્રીપ થકી અરવલ્લી જિલ્લાના ડુંગરિયાળ વિસ્તારના ૩૩ નાનકડા ગામો, ટીંબા તથા છાપરાંઓના ૨૦૬૩ લાભાર્થીઓને તેમના નિયત ૧૩ વિતરણ કેન્દ્રો થકી કુલ ૬૧૮૯ કિલો એટલે કે ૬૨ કિવન્ટલ જેટલા ચોખા સ્વરૂપે દાન ઉપરાંત નાસ્તો, ખિચડી, બિસ્કીટ, દવાઓ, પગરખાં, ધાબળા, વસ્ત્રો, કાપડની થેલીઓ, સાબુ-ચા, અગરબત્તી, મીણબત્તી, તાડપત્રી જેવી ઉપયોગી વસ્તુઓ પુરી પાડી હતી. આ સાથે આ વર્ષમાં તેમણે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના છાત્રેશ્વરી ગામમાં દર રવિવારે ખીચડી અને બટાકાના શાકનો સેવા પ્રસાદ પણ પીરસ્યો છે. તેઓએ કોરોના મહામારીથી ડર્યા વગર તેમજ વર્ષોથી પોતાની નીતિ અનુસાર કોઈ પણ જાતના મસમોટા આયોજન કે જાહેરાતો વગર જ ખંતથી પોતાનું સેવાકાર્ય કર્યે રાખ્યું છે.

દક્ષિણ ગુજરાતના નવસારીમાં મરાઠી પરિવારમાં જન્મેલા મિલિન્દભાઈ પોતાના પિતાની રાજય સરકારમાં ઉચ્ચ હોદ્દાની નોકરીના પગલે માત્ર ૧૨ વર્ષની ઉંમરથી પાટનગરની સ્થાપનાના પ્રારંભિક સમયથી જ ગાંધીનગર વસવાટ કરી રહ્યા છે. લેબર વેલ્ફેરનો અભ્યાસ કરી ચુકેલા મિલિન્દભાઈએ બેંકની પરીક્ષા પાસ કરતા બેંક ઓફ બરોડાની ગોધરા શાખામાં નોકરી મેળવી જેમાં પાંચેક વર્ષમાં જ ગાંધીનગરની સેકટર-૨૧ની શાખામાં બદલી થઈ ગઈ હતી. પોતાની બેંકની નોકરી સાથે જ તેઓ યુવાકાળથી રાષ્ટ્રીય સ્વયંસેવક સાથે સંકળાયેલા હતા. જેમાં તેમના સેવાના સંસ્કાર વિકસ્યા હતા. તેમના ધર્મપત્નિ શ્રુતિ ગુપ્તે પણ સરકારી કર્મચારી હતા અને તેમની સાથે દરેક સેવા કાર્યોમાં ખભેખભો મિલાવીને સાથ આપતા રહ્યા છે. બેંકની નોકરીમાં ૧૨ વર્ષનો લાંબો ગાળો બાકી હોવા છતાં સેવાના ભેખને ધારણ કરી ચુકેલા મિલિન્દભાઈએ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી હતી અને તેના પછી થોડાક સમયમાં જ તેમણે પોતાના દાદાના નામથી શ્રી ગજાનન સેવા સમિતિનો પાયો નાંખ્યો હતો. પતિ-પત્નિ બંનેએ મળીને તે દરમિયાન ગાંધીનગરના અનેક વિસ્તારોની ઝુંપડપટ્ટીઓના જરૂરિયાતમંદોની સેવા કરવા સાથે સેકટર-૧૩ની આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થીઓની અવિરત દરકાર કરી હતી તેમજ આ શાળામાં હોસ્ટેલ પ્રારંભ કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. મિલિન્દભાઈ ગુપ્તેએ ગુજરાતના લગભગ ૧૩ જિલ્લાના ૭૩ તાલુકાની આશરે ૧૨ હજારથી વધુ શાળાઓમાં સરકારે શરૂ કરેલા શાળા આરોગ્ય કાર્યક્રમને સતત ચલાવ્યો છે જેમાં તેમણે ખાનગી તબીબોની મદદ લઈને બાળકોના આરોગ્યની તપાસથી માંડીને ખાનગી કંપનીઓની સહાયથી દવાઓ પુરી પાડી છે જેનો અત્યાર સુધીમાં આશરે ૨.૧૦ લાખ બાળકો લાભ લઈ ચુકયા છે. સાબરકાંઠા-અરવલ્લી-પંચમહાલ જેવા અનેક જિલ્લાઓમાં જરૂરિયાતમંદોને અનાજ-કરિયાણું-દવાઓ-કપડાં-પગરખાં વૃધ્ધોને ચાલવા માટે ટેકણલાકડી, નેબ્યુલાઈઝર, ચશ્મા જેવી અસંખ્ય ચીજવસ્તુઓ પુરી પાડતા રહ્યા છે. તેઓ વનવાસી વિસ્તારોમાં આંગણવાડીની બહેનોની સહાય લઈને વિધવા-નિરાધાર મહિલાઓને સિવણ મશીનો પુરા પાડે છે એટલું જ નહી પરંતુ અરવલ્લી જેવા ડુંગરાળ વિસ્તારમાં તેમણે ૯ ગામોમાં પાણીના બોર સુદ્ધાં બનાવી આપ્યા છે. અનાજ-કરિયાણા સહિતની ચીજવસ્તુઓની વર્ષે દહાડે આશરે ૪૫૦૦ કીટનું વિતરણ કરતા મિલિન્દભાઈ કયારેય સામે ચાલીને દાન માંગવા નથી ગયા પરંતુ દાતાઓ તેમને શોધતા આવ્યા છે અને તેઓ દાતાઓની જન્મતારીખ કે અગત્યની તિથિની નોંધ રાખીને તેમની અનુસાર વિતરણ કાર્યક્રમનું આયોજન કરતા રહ્યા છે કેમકે તે માને છે કે આયોજન વગર આટલું કાર્ય સરળતાથી કરવું શકય નથી.





વૃધ્ધ-વિધવા-નિરાધાર વનવાસી મહિલાઓ ઉપરાંત તે વિસ્તારોની શાળાઓમાં વર્ષે ૨૫ હજાર જેટલાં બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ પણ તેઓ કરતા રહ્યા છે. જેથી તેઓ શિક્ષણને પામી શકે. મિલિન્દભાઈ ગુપ્તેની વિચારસરણી તથા સેવા કાર્યો પર સુધાંશુ મહારાજના સત્સંગનો ભારે પ્રભાવ છે અને તેઓ માને છે કે સેવા પ્રવૃત્તિ તેમના માટે ગાંડપણ કહો, જીદ કહો કે નશો કહો તે હદે લોહીમાં વણાઈ ચુકી છે. બાળપણથી જ કુટેવ અને કુસંગથી દૂર રહેલા મિલિન્દભાઈ લોકડાઉન પહેલા દેશના ઉત્તરપૂર્વીય વિસ્તારના ત્રિપુરા રાજયના ધરમપુર ગામ સુધી અનાજ-કરિયાણુ અનો દવાઓ પહોંચાડી ચુકયા છે. તેઓ દરેક ટ્રીપને પહેલા પોતાના મનમાં વિઝયુલાઈઝ કરે છે અને પછી તે મુજબ આયોજન કરે છે જેથી કોઈ ચુક ના રહે અને લાભાર્થીઓને અગાઉથી તારીખ આપી રાખે છે. તેઓ કહે છે કે હું જે બોલું છું તે જ કરું છું, અને જે કરી શકું છું એ જ બોલું છું.

-પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

## રામેશ્વર મંદિર સે-૩-ડી ખાતે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૧૪
ઉમિયા માતાજીના પ્રાગટયોત્સવ નિમિત્તે મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કડીકરના મધુર કંઠે તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦થી ૧૨ વાગ્યા દરમિયાન રામેશ્વર મંદિર સે-૩-ડી ખાતે આનંદનો ગરબો યોજાશે.

## જન્મદિને વધામણી



જય તેજસભાઈ લવિંગીયા
મો. ૯૮૯૮૦ ૪૬૨૧૬



બ્રિન્દા
ભાવિનભાઈ લવિંગીયા
મો. ૯૪૨૬૪ ૧૭૮૪૮

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વાઘેલા મંગુબેન રતિલાલ
  ઉ.વ. ૭૨, સેકટર-૧૩
- સ્વ. ઠાકોર સવિતાબેન મથુરજી
  ઉ.વ. ૬૧, ફતેપુરા, પેથાપુર
- સ્વ. પટેલ શંકરભાઈ અંબાલાલ
  ઉ.વ. ૬૨, સેકટર-૧૪
- સ્વ. પટેલ ભીખાભાઈ શંકરભાઈ
  ઉ.વ. ૬૪, પેથાપુર